# લતાજી 'સત્યમ શિવમ સુંદરમ'ના હિરોઈન બનવાના હતા?



દોસ્તો, આજે જ્યારે પણ સોશિયલ મીડિયા પર કોઈ બોલ્ડ સ્ટેટમેન્ટ કે કન્ટેન્ટ આવે, ત્યારે આપણે કહીએ છીએ કે ભાઈ, આ તો વાયરલ થઈ ગયું! પણ શું તમને ખબર છે આજથી દાયકાઓ પહેલાં, એટલે કે 1978માં જ્યારે ઈન્ટરનેટ કે ઈન્સ્ટાગ્રામનું નામ નિશાન નહોતું, ત્યારે રાજ કપૂરે એક એવી ફિલ્મ બનાવી હતી જે આખા દેશમાં ચર્ચાનો વિષય બની ગયો! ફિલ્મનું નામ 'સત્યમ શિવમ સુંદરમ'.






જો તમે આ ફિલ્મના મ્યુઝિક કે વિવાદો વિશે જ સાંભળ્યું

**રાજ કપૂરના મગજમાં એક અનોખો સવાલ રમતો હતો, શું કોઈ માણસ સાધારણ ચહેરો ધરાવતી પણ અત્યંત સુંદર અવાજવાળી છોકરીના પ્રેમમાં પડી શકે?**

હોય, તો રોકાઈ જાઓ! આ ફિલ્મની પાછળનું બિહાઈન્ડ-ધ-સીન્સ ડ્રામા એટલા મસાલેદાર છે કે કોઈ પણ આજના OTT થ્રિલરને ટક્કર આપે! ચાલો આજે જાણીએ આ આઈકોનિક ફિલ્મ સાથે જોડાયેલા એવા મજેદાર કિસ્સાઓ, જે સાંભળીને તમે પણ કહેશો શું વાત કરો છો!

આજના જમાનામાં OTT પર બોલ્ડ સીન્સ જોવા સામાન્ય લાગે છે, પણ 1978ના સમયમાં ઝીનત અમાનનો જે અવતાર રાજ કપૂરે પર્દા પર બતાવ્યો હતો, તેણે બધાના હોશ ઉડાવી દીધા હતા. ફિલ્મમાં જીનતનો લુક એટલો બોલ્ડ હતો કે થિયેટરો બહાર લોકોના ક્રાઉડને કંટ્રોલ કરવું મુશ્કેલ બની ગયું હતું!

**મુવિયાના**

પણ આ બધું માત્ર કોઈ પબ્લિસિટી સ્ટંટ નહોતું. રાજ કપૂરનું વિઝન અલગ જ લેવલનું હતું! એમણે કહ્યું હતું કે, લોકો ભલે ગ્લેમર જોવા માટે સિનેમાહોલ સુધી ખેંચાઈ આવે, પણ જ્યારે એ થિયેટરની બહાર નીકળશે ત્યારે વિચારોનું એક આખું નવું ભાથું લઈને જશે.

હવે આવે છે ખરી મજા! આવા વિવાદાસ્પદ કન્ટેન્ટ હોવા છતાં, રાજ કપૂરના અલગ જ પ્રભાવના કારણે સેન્સર બોર્ડે ફિલ્મને 'UA' સર્ટિફિકેટ આપી દીધું!

શું તમને ખબર છે આ ફિલ્મની સ્ટોરી પાછળનો આઈડિયા ક્યાંથી આવ્યો હતો? રાજ કપૂરને આ સ્ટોરીનો વિચાર ફિલ્મ રિલીઝ થવાના લગભગ 20 વર્ષ પહેલાં જ આવી ગયો હતો! અને એ પણ લતા મંગેશકર પરથી!

રાજ કપૂરના મગજમાં એક અનોખો સવાલ રમતો હતો, શું કોઈ માણસ સાધારણ ચહેરો ધરાવતી પણ અત્યંત સુંદર અવાજવાળી છોકરીના પ્રેમમાં પડી શકે?

શરૂઆતમાં તો રાજ સાહેબે લતાજીને જ લીડ રોલમાં કાસ્ટ કરવા માગતા હતા! હા, તમે બરાબર સાંભળ્યું! પણ લતા મંગેશકરે ખૂબ જ નમ્રતાથી એક્ટિંગ કરવાની ચોખ્ખી ના પાડી દીધી અને કહ્યું કે તેઓ માત્ર ગાયકી પર જ ફોકસ કરશે.

લતાજીએ ના પાડ્યા પછી રાજ કપૂરે 'રૂપા'ના રોલ માટે બોલિવૂડની ટોપ હિરોઈનોનો સંપર્ક કર્યો. પણ દોસ્તો, ડ્રામા તો હવે શરૂ થાય છે!

જ્યારે હેમા માલિનીને આ રોલ માટેનો ડ્રેસ આપવામાં આવ્યો, ત્યારે લુક એટલો બોલ્ડ હતો કે તેઓ કંઈ પણ બોલ્યા વગર પાછલા બારણેથી જ ગાયબ થઈ ગયા! તો ડિમ્પલ કપાડિયા અને વિદ્યા સિંહાએ પણ આ ગ્લેમરસ રોલ સાંભળીને 'નો થેંક્સ' કહી દીધું.

હવે જ્યારે બધી જ એક્ટ્રેસે ના પાડી દીધી, ત્યારે આવી ઝીનત અમાનની એન્ટ્રી! ઝીનતે વિચાર્યું કે આ ગોલ્ડન ચાન્સ હાથમાંથી જવો ન જોઈએ. એમણે ઘર બેઠા પ્રો-લેવલનો મેકઅપ કર્યો! ચહેરા પર ગુંદર અને ટિશ્યુ પેપર ચોંટાડીને બળેલા ચહેરાનો અસલી લુક બનાવ્યો! આ લુકમાં જ તેઓ સીધા R.K. સ્ટુડિયો પહોંચી ગયા. રાજ કપૂરે જ્યારે ઝીનતને આ અવતારમાં જોઈ, ત્યારે તેઓ એટલા ઈમ્પ્રેસ થઈ ગયા કે ઓન-ધ-સ્પોટ ઝીનતને ફિલ્મ માટે સાઈન કરી લીધી!

લીડ એક્ટર તરીકે પહેલાં સુપરસ્ટાર રાજેશ ખન્નાનું નામ ચર્ચામાં હતું, પણ ઋષિ કપૂરની સલાહ પછી રાજ કપૂરે પોતાના જ નાના ભાઈ શશી કપૂરને ફાઈનલ કર્યા!

એ દિવસોમાં શશી કપૂર એટલા બધા ફેમસ હતા કે એકસાથે 12-13 ફિલ્મોનું શૂટિંગ કરતા હતા! આ સેટ પરથી પેલા સેટ પર ભાગતા શશી કપૂરને જોઈને રાજ કપૂર મજાકમાં એમને ટેક્સી કહીને બોલાવતા. જ્યાં ભાડું આપો ત્યાં દોડવા માંડે! રૂપાના બાળપણના રોલ માટે રાજ કપૂરે 100થી પણ વધુ ચાઈલ્ડ આર્ટિસ્ટના ઓડિશન લીધા હતા અને છેલ્લે ફાઈનલ થઈ પદ્મિની કોલ્હાપુરે! 'સત્યમ શિવમ સુંદરમ' બોલિવૂડના ઈતિહાસનો એક એવો રોલરકોસ્ટર છે જેમાં વિવાદ, મ્યુઝિક, ક્રિએટિવિટી અને અનફિલ્ટર્ડ ડ્રામા બધું જ જોવા મળે છે. ●



ડિરેક્ટર

# રોમેન્ટિક હીરોથી પ્રેમનાથ કેમ બન્યો ખૂંખાર વિલન ?

બોલિવૂડમાં કલાકારો આખી જિંદગી 'હીરો' બનવા માટે મહેનત કરતા હોય છે. પરંતુ 50ના દાયકામાં હિન્દી સિનેમામાં એક એવા પણ એક્ટર આવ્યા જેમણે હીરો તરીકે અનેક સુપરહિટ ફિલ્મો આપી હોવા છતાં, તે સ્ટારડમ છોડીને વિલનનો રોલ પસંદ કર્યો!

ચાલો જાણીએ પ્રેમનાથના જીવનના કેટલાક અજાણ્યા કિસ્સાઓ...

બાળપણથી જ એક્ટિંગનો શોખ હોવાથી 40ના દાયકામાં તેઓ સપનાની નગરી મુંબઈ આવ્યા અને પૃથ્વીરાજ કપૂરના 'પૃથ્વી થિયેટર' સાથે જોડાઈને સ્ટેજ પર નાટકો ભજવવા લાગ્યા.

આમ તો ફિલ્મોમાં પ્રેમનાથે હીરો તરીકે એન્ટ્રી કરી પહેલી ફિલ્મ 1948માં ફિલ્મ 'અજીત'થી તેમણે કરિયર શરૂ કર્યું. પરંતુ ખરી ઓળખ રાજ કપૂરની ફિલ્મ 'આગ' (1948) અને 'બરસાત' (1949) થી મળી.


તે સમયની લગભગ તમામ જાણીતી હિરોઈન્સ સાથે પ્રેમનાથે કામ કર્યું હતું, જેમ કે, મધુબાલા, સુરૈયા, રમોલા અને બીના રાય. 1953માં ફિલ્મ 'ઓરત'ના શૂટિંગ દરમિયાન તેઓ એક્ટ્રેસ બીના રાયના પ્રેમમાં પડ્યા અને બંનેએ લગ્ન કરી લીધાં.

લગ્ન પછી બીના રાય સાથે મળીને 'PNB બૅનર' હેઠળ ફિલ્મ મેકિંગ શરૂ કરી, પરંતુ બધી જ ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી.

પ્રોડક્શન બંધ કરી પ્રેમનાથે ફરી એક્ટિંગ પર ધ્યાન આપ્યું, પરંતુ આ વખતે તેમણે હીરો બનવાને બદલે વિલનના રોલ કર્યા. 1970ની ફિલ્મ 'જોની મેરા નામ'માં 'રાય સાહેબ'ના કિરદારથી તેમણે દર્શકોના દિલ જીતી લીધા.

**લેજન્ડ**

'બોબી', 'ધર્માત્મા', 'કાલીચરણ', 'સન્યાસી', 'શોર', 'લોફર' જેવી ૨૫૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું.



**પ્રોડક્શન બંધ કરી પ્રેમનાથે ફરી એક્ટિંગ પર ધ્યાન આપ્યું, પરંતુ આ વખતે તેમણે હીરો બનવાને બદલે વિલનના રોલ કર્યા**

સિનેમા સિવાય પણ તેમના જીવનના અનેક રસપ્રદ કિસ્સાઓ જાણીતા છે. તેમણે પોતાની 'સ્વતંત્ર પાર્ટી' બનાવી અને દેશભરમાં પ્રચાર કર્યો. પરંતુ રાજકારણનું કટુ વાતાવરણ ન માફક આવતા થોડા જ સમયમાં રાજકારણ છોડી દીધું. ત્યારબાદ એક લેખક તરીકે અનેક પુસ્તકો લખ્યા. તો પણ મન વ્યાકુળ રહ્યું તો પ્રેમનાથ હિમાલયમાં તપસ્યા કરવા ગયા અને તંત્ર વિદ્યા શિખી આવ્યા બોલો! એવું પણ માનવામાં આવે છે કે તેમણે મુંબઈ પાછા ફર્યા બાદ પોતાની તંત્ર શક્તિઓથી પૃથ્વીરાજ કપૂરની અંતિમ યાત્રાને કેટલાક કલાકો સુધી રોકી રાખી હતી!

એક વાર તેઓ શૂટિંગ માટે કારમાં જઈ રહ્યા હતા ત્યારે બાંદ્રા પાસે તેમણે રસ્તાના કિનારે જૂના અને ફાટેલા કપડામાં એક મહિલાને જોઈ.

તેમણે તરત જ ડ્રાઈવરને ગાડી રોકવા કહ્યું અને તે મહિલાને પોતાની પાસે બોલાવી. તે મહિલાએ પોતાની ગરીબી અને ભૂખમરાની વ્યથા સંભળાવી,

તે મહિલાની આવી હાલત જોઈને પ્રેમનાથજી પોતાના આંસુ રોકી ન શક્યા અને રડી પડ્યા!

જ્યારે મહિલાએ કહ્યું કે જો મારી પાસે કોઈ ટેક્સી હોય તો મારો ગુજરાન ચાલી શકે, ત્યારે પ્રેમનાથજીએ માત્ર બે જ દિવસમાં તેને નવી ટેક્સી લઈ આપી અને તેના ઘરના ઝઘડા ઉકેલીને તેની જિંદગી સુધારી દીધી!

સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓના કારણે 1985ની ફિલ્મ 'હમ દોનો' તેમની છેલ્લી ફિલ્મ બની.

ત્રણ દાયકા સુધી દર્શકોના દિલ પર રાજ કરનાર પ્રેમનાથ આજે પણ હિન્દી સિનેમાના સૌથી વર્સેટાઈલ અને ઓલરાઉન્ડર એક્ટર ગણાય છે! ●

# જેકી હોય કે શકીરા, ફરાહના ડાન્સ ક્લાસમાં બધાં જ સ્ટુડન્ટ!

બોલિવૂડમાં ડાન્સ શૂટ થવાનો હોય ત્યારે સેટ પર સૌથી મોટો સવાલ હોય છે 'સ્ટેપ કોણ બનાવશે?' પણ જ્યારે સામે શકીરા હોય, હોલિવૂડની રીઝ વિધરસપૂન હોય કે પછી કુંગ ફૂના બાદશાહ જેકી ચેન હોય, ત્યારે જવાબ એક જ હોય ફરાહ ખાન!ફરાહની કોરિયોગ્રાફીનો સૌથી રસપ્રદ ભાગ એ છે કે તે કલાકારને પોતાની સ્ટાઈલમાં ડાન્સ કરાવતી નથી, પરંતુ તેની સ્ટાઈલમાં બોલિવૂડનો મસાલો નાખે છે. અને આ ફોર્મ્યુલા જ્યારે ઈન્ટરનેશનલ સ્ટાર્સ પર અજમાયો ત્યારે પડદા પાછળના કિસ્સા પણ એકદમ ફિલ્મી બની ગયા.

'Hips Don't Lie' પર દુનિયા શકીરાની કમર સાથે ઝૂમતી હતી. પરંતુ જ્યારે શકીરાએ આ સોંગને બોલિવૂડ સ્ટાઈલમાં પરફોર્મ કરવાનો પ્લાન બનાવ્યો ત્યારે તેની નજર ફરાહ ખાન પર ગઈ. શકીરાની વિનંતી પર ફરાહ ન્યૂયોર્ક પહોંચી અને સોંગ માટે બોલિવૂડ સ્ટાઈલની કોરિયોગ્રાફી તૈયાર કરી.



હવે અહીં જરા સીન કલ્પવો–સામે એવી

**કલાકારની ઓળખ છીનવતી નથી, તેમાં પોતાનો બોલિવૂડનો 'તડકો' ઉમેરે છે અને એટલે જ ફરાહના ડાન્સ ક્લાસમાં એક નિયમ પાક્કો છે સ્ટાર ગમે તે દેશનો હોય, અંતે થોડું તો 'બોલિવૂડ' થવાનું જ!**



ડાન્સર જેની પોતાની હિપ મૂવમેન્ટ આખી દુનિયામાં ફેમસ છે અને તેને ફરાહ 'ઈન્ડિયન સ્ટાઈલ' સમજાવી રહી છે! ફરાહે શકીરાના લેટિન ફ્લેવરમાં ભારતીય મૂવ્સ અને મુદ્રાઓનો ટચ ઉમેર્યો. શકીરા પણ આ નવા અનુભવમાં એટલી ઈન્વોલ્વ થઈ ગઈ કે તેણે ભારતીય ક્લાસિકલ મુદ્રાઓ શીખવાની પણ શરૂઆત કરી હતી.

આગળનો પડદો ખુલ્યો મીરા નાયરની 'Vanity Fair' માટે. અહીં ફરાહને શકીરા કરતાં સાવ અલગ પ્રકારનું કામ મળ્યું. રીઝ વિધરસપૂન માટે ત્રણ મિનિટના મોરોક્કન થીમવાળા બોલરૂમ ડાન્સ સિક્વન્સની કોરિયોગ્રાફી કરવાની હતી. શૂટ માત્ર બે દિવસનું હતું, પરંતુ ફરાહને એક અઠવાડિયું રિહર્સલ કરવાનું હતું.

એટલે આ વખતે 'એક-બે-ત્રણ, ઠુમકો!' નહીં, પરંતુ પિરિયડ ફિલ્મની ગ્રેસ, બોડી લેંગ્વેજ અને બૉલરૂમ સ્ટાઈલ પર વધારે ફોકસ હતો. ફરાહ માટે પણ આ એક અલગ ચેલેન્જ હતી–કલાકાર હોલિવૂડનો, ફિલ્મનો સમયગાળો 1820ના દાયકાનો અને ડાન્સની જવાબદારી બોલિવૂડની કોરિયોગ્રાફર પાસે!

હવે આવો સૌથી મજેદાર કિસ્સા પર. 'Kung Fu Yoga'ના સેટ પર જે વ્યક્તિ દુનિયાને કુંગ ફૂના સ્ટેપ્સ શીખવાડે છે, એ જ જેકી ચેન ફરાહ ખાનના સ્ટેપ્સ ફોલો કરતા જોવા મળ્યા!

જોધપુરના મંડોર ગાર્ડન્સમાં ફિલ્મના શૂટ દરમિયાન જેકી ચેને એકદમ બોલિવૂડ સ્ટાઈલમાં ડાન્સ કર્યો. તેમને આ ડાન્સ કરાવવા માટે ફરાહ અને સોંગા કપૂરને ખાસ જોધપુર બોલાવવામાં આવ્યા હતા. ફરાહે તો જેકીના ડાન્સથી પ્રભાવિત થઈને મજાકમાં તેમને 'જેકી જૅક્સન' કહી દીધા હતા!

ફરાહે પાછળથી જેકી સાથેનો અનુભવ યાદ કરતાં કહ્યું હતું કે 60 વર્ષના હોવા છતાં તેઓ સેટ પર નવા આવેલા કલાકાર જેવી એનર્જી સાથે કામ કરતા હતા. એટલે એક્શનના બાદશાહને પણ ફરાહની ડાન્સ ક્લાસમાં 'સ્ટુડન્ટ' બનવામાં કોઈ વાંધો નહોતો.

**પરદે કે પીછે**

શકીરાના હિપ્સ હોય, રીઝની હોલિવૂડ ગ્રેસ હોય કે જેકી ચેનની કુંગ ફૂ એનર્જી–ફરાહે ત્રણેયને પોતાની રીતે ડાન્સ કરાવ્યા. કદાચ આ જ ફરાહની સૌથી મોટી ખાસિયત છે. તે કલાકારની ઓળખ છીનવતી નથી, તેમાં પોતાનો બોલિવૂડનો 'તડકો' ઉમેરે છે અને એટલે જ ફરાહની ડાન્સ ક્લાસમાં એક નિયમ પાક્કો છે–સ્ટાર ગમે તે દેશનો હોય, સ્ટાઈલ ગમે હોય અંતે થોડું તો 'બોલિવૂડ' થવાનું જ! ●